ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC
BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## <u>અખબારી યાદી</u>

તા.૨૨/૦૮/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી ......................,
ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા.૨૨ ઓગસ્ટને શનિવારના રોજ જિલ્લા કક્ષા સાયન્સ ડ્રામા–૨૦૧૫ યોજાયો.

નેશનલ સાયન્સ ડ્રામા રાષ્ટ્રીય કક્ષાની શ્રેષ્ઠ સ્પર્ધાઓમાંની એક છે. નેશનલ કાઉન્સીલ ઓન સાયન્સ મ્યુઝીયમ, મુંબઈ તથા નહેરુ સાયન્સ સેન્ટર, મુંબઈ પ્રેરીત નેશનલ સાયન્ય ડ્રામા–૨૦૧૫ કાર્યક્રમના ભાગરૂપે ગુજરાતમાં ધોરણ ૬ થી ૧૦ ના વિદ્યાર્થીઓ માટે દરેક જિલ્લા તેમજ રાજય કક્ષાએ સાયન્સ ડ્રામાનું આયોજન થનાર છે.

તેના અનુંસંધાને ભાવનગર જિલ્લામાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા જિલ્લા કક્ષાના સાયન્સ ડ્રામા **<u>૨૨ ઓગસ્ટ,૨૦૧૫ને શનિવાર ના રોજ શ્રી નટરાજ કોલેજ, સરદાર પટેલ સ્કુલની બાજુમાં, કાળીયાબીડ, ભાવનગર</u>** ખાતે સવારે ૯:૦૦ કલાકે સમાજ માટે વિજ્ઞાન (science for society) ની થીમ પર યોજાયેલ.

આ જિલ્લા સાયન્સ ડ્રામા ૨૦૧૫ના ઉદઘાટન કાર્યક્રમમાં શ્રી ગીરીશભાઈ શાહ (ચેરમેન, અલંગ એરિયા ડેવલપમેન્ટ ઓથોરીટી, અલંગ) ડૉ.વિપુલભાઈ પુરોહિત(ગુજરાતી ભવન, ભાવનગર), શ્રી વિરેનભાઈ પંડયા (ગુજરાતી ભવન, ગઢડા), શ્રી ધારાબેન પુરોહિતે શ્રીપરેશભાઈ ત્રિવેદી (પ્રેસીડેન્ટ, કલ્યાણ ફાઉન્ડેશન) ડૉ.ભાવેશભાઈ ભરાડ (ચેરમેન, કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ) ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરેલ.

આ જિલ્લા કક્ષાના નેશનલ સાયન્સ ડ્રામા સ્પર્ધામાં સમગ્ર જિલ્લા માંથી કુલ મળીને ૨૪ શાળાઓના ૧૯૦ વિદ્યાર્થીઓ અને ૩૦ શિક્ષકો કુલ મળીને ૨૧૦ વ્યકિતઓએ લાભ લીધેલ. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે શ્રી.સી. એમ. વિદ્યાલય, પાલીતાણા, દ્વિતીય ક્રમે શ્રી.ધનેશ મહેતા હાઈસ્કુલ, ભાવનગર વિજેતા થયેલ. વિજેતા થયેલ પ્રથમ ક્રમે આવેલ ટીમ રાજયકક્ષાએ ભાવનગર જિલ્લાનું પ્રતિનીધિત્વ કરશે.

પ્રી.બી. ત્રિવેદી

(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.